અપીલ અરજી નં.૯ તા.૭–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી નરેશભાઈ જી. મોદી
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (પ્રોફેશનલ ટેક્ષ વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ જી. મોદીની તા.૧૯–૨–૧૦ ની અરજીથી નાંણાકીય વર્ષ ૨૦૦૯–૧૦ નો વ્યવસાયવેરાનો ચેક લેવાની ના પાડવામાં આવેલ તે બાબતે મુદ્દા નં.(૧) કયા કાયદા ,નિયમ, સરકયુલર, નોટીફીકેશન, પ્રેસનોટસ, હેઠળ જો પાછલા વ્યવસાયવેરા ની રકમ ભરવાની બાકી હોય તો ચાલુ નાણાકીય વર્ષના નાણાં ન લેવાય તેની નકલ આપવા વિનંતી. વિ. મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૭–૪–૧૦ ની **SMC/FAP/** નં.૯/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ જી. મોદીની તા.૧૯–૨–૧૦ ની અરજીથી નાંણાકીય વર્ષ ૨૦૦૯–૧૦ નો વ્યવસાયવેરાનો ચેક લેવાની ના પાડવામાં આવેલ તે બાબતે મુદ્દા નં.૧ કયા કાયદા ,નિયમ, સરકયુલર, નોટીફીકેશન, પ્રેસનોટસ, હેઠળ જો પાછલી વ્યવસાયવેરો ની રકમ ભરવાની બાકી હોય તો ચાલુ નાણાકીય વર્ષના નાણાં ન લેવાય તેની નકલ આપવા વિનંતી. વિ. મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી પ્રોફેશનલ ટેક્ષના પત્ર નં.પી.ટી.આર.સી./૫૫૭ તા.૧૨–૩–૧૦ થી આપેલ માહિતી સંતોષકારક મળેલ ન હોવાનું જણાવી પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૦ તા.૧૭–૪–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (પ્રોફેશનલ ટેક્ષ વિભાગ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓના પત્ર નં.પ્રો.ટે.રી.સે/આ.નં.૩૯ તા.૨૨–૪–૧૦ થી અત્ર મળેલ પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી વ્યવસાયવેરા અધિકારીને તબદીલ કર્યા અંગેનો પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૧૬૭૪ તા.૨૨–૨–૧૦ ના તબદીલ પત્રની નકલ, અરજદારની તા.૧૯–૨–૧૦ ની અરજી ફી ભર્યાની પહોંચની નકલ, અરજદારે તા.૧૩–૧૧–૦૯ ના રોજ અને તા.૨૯–૯–૦૯ ના રોજ કરેલી અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.પીટીઆરસી/૫૫૭ તા.૧૨–૩–૧૦ ના પત્રની નકલ, નોંધ વિભાગ, તા.૨૮–૮–૦૯ ના રોજ વ્યવસાયવેરા કરદાતા જોગ જાહેરાતની નકલ, તા.૧૩–૫–૦૮ ના રોજ પીઆરઓ/૫૬ થી આપેલ જાહેર નોટીની નકલ, વ્યવસાયવેરા નમુના –૧૨ હેઠળ સિધ્ધાર્થ મેડીકલ એન્ડ પ્રોવિઝન સ્ટોર્સને વ્યવસાય વેરો ભરપાઈ કરવા તા.૨૯–૧–૦૯ તથા હરકીશનદાસને તા.૧૦–૧૨–૦૯ ની પાઠવેલ નોટીસની નકલ તેમજ વ્યવસાયવેરો ભરવા જણાવતી ઈન્ટીમેશન લેટરની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૯–૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન /આરટીઆઈ/જાવક/૧૬૭૪ તા.૨૨–૨–૧૦ થી વ્યવસાયવેરા અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પીટીઆરસી/૫૫૭ તા.૧૨–૩–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ કયા કાયદા ,નિયમ, સરકયુલર, નોટીફીકેશન, પ્રેસનોટસ, હેઠળ જો પાછલી વ્યવસાયવેરો ની રકમ ભરવાની બાકી હોય તો ચાલુ નાણાકીય વર્ષના નાણાં ન લેવાય તેની નકલ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જો પાછલા વ્યવસાયવેરાની ની રકમ ભરવાની બાકી હોય તો ચાલુ નાણાકીય વર્ષના નાણા ન લેવાય એવો કોઈ નિયમ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨ સુરત મહાનગરપાલિકાએ વ્યવાસયવેરો ભરવા માટે જાહેરાત સુરત મહાનગરપાલિકાના વર્તમાન પત્રોમાં આપેલી તેમાં જુના નાણાકીય વર્ષ ૨૦૦૬–૦૭ ,૨૦૦૭–૨૦૦૮ તથા ૨૦૦૮–૦૯ ના વ્યવસાયવેરા ભરેલાના ચલણો લાવવા જણાવેલ. પરંતુ જેનો વ્યવસાય વેરો મહાનગરપાલિકાના હિસાબે બાકી છે અને વ્યાપારીઓએ વ્યવસાયવેરો ભરેલ છે પરંતુ ચલણ નહીં લાવેલ તેનું નાણાકીય વર્ષ ૨૦૦૯–૨૦૧૦

નો વ્યવસાય વેરો રોકડેથી કે ચેકથી લેવામાં આવશે નહીં તેવી સ્પષ્ટ ચેતવણી જાહેરાતમાં શા કારણથી સુરત શહેરની જાહેર જનતાને જણાવવાની જરૂર કે મહાનગરપાલિકાને જણાય નહીં તેનું કારણ જણાવવા માટે અનુકૃપા કરશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વ્યવસાયવેરો ભરવા માટે સુરત મહાનગરપાલિકા તરફથી વર્તમાનપત્રમાં જાહેરાત આપવામાં આવે લ તેમજ સને ૨૦૦૯–૧૦ ના વર્ષનો વ્યવસાયવેરો ભરપાઈ કરવા કરદાતાને ઈન્ટીમશેન લેટર મોકલવામાં આવેલ. તે પત્રમાં તથા ડીમાન્ડ નોટીસમાં પણ ૨૦૦૬–૦૭,૨૦૦૭–૦૮ નો વ્યવસાયવેરો ભરપાઈ કરેલ હોય તો ચલણ સાથે લાવવા જણાવેલ છે. તથા તે અંગેની ઈન્ટીમેશન લેટરની નકલ પણ જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં રજૂ કરેલ છે. જેમાં તે જણાવવામાં આવેલ છે. મુદ્દા નં.(૩) છેલ્લા ૩ વર્ષના ચલણો કાશ્મીરા બિલ્ડીંગમાં આવેલી કચેરીમાં નકલો જમા કરાવેલી તો તે માહિતી કોમ્પ્યુટરમાં એન્ટર કરવાની જવાબદારી કરવાની કોની હોય છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જો ચલણ જમા કરાવવામાં આવેલ હોય તો તેની ખરાઈ કરી લાગત વિભાગે એન્ટ્રી કરવાની રહે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ જેની જવાબદારી હોય તો પછી કોમ્પ્યુટરમાં માહિતી દાખલ નહીં કરીને સુરત શહેરની જનતાને ચાલુ વર્ષના નાણા ન સ્વીકારીને મુશ્કેલીમાં મુકવા બદલ તથા જનતાને વ્યાજની રકમ ભરવા મજબુર કરનાર સામે શું પગલા લીધા તેની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જો ચલણ જમા કરવવામાં આવેલ હશે તો તેની એન્ટ્રી લાગત વિભાગ ધ્વારા કરવામાં આવે જ છે. મુદ્દા નં.૫ ઉપર મુજબની માહિતી કોમ્પ્યુટર દાખલ ન કરવા માટે તેમને પગાર આપવામાં આવ્યો હતો કે નહીં અને જો પગાર આપવામાં આવ્યો હતો તો કેટલો આપવામાં આવ્યો હતો? અને તે પાછો વસુલ કેમ કરવામાં ન આવ્યો? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ બાબતે ચોકકસ પુરાવા મળ્યેથી કાર્યવાહી કરી શકાય તેમ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ બાકી વ્યવસાય વેરા ભરતા હોય તેની માહિતી સુરતની ટ્રેઝરી કચેરી કે વ્યવસાય વેરા કચેરીમાંથી માહિતી એકત્ર કરીને નાણાકીય વર્ષ ૨૦૦૯–૧૦ ની શરૂઆતથી તા.૩૦–૯–૦૯ સુધીમાં એકત્ર કરેલી માહિતી કોમ્પ્યુટરમાં કેમ દાખલ કરવામાં ન આવી? માહિતી એકત્ર કરવાની જવાબદારી નકકી કરવામાં આવી હતી કે નહીં? અને નકકી કરવામાં નહીં આવી હોય તો તેની જવાબદારી કોની હતી ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરતની ટ્રેઝરી કચેરી કે વ્યવસાયવેરા કચેરીમાંથી ચલણની સંપૂર્ણ માહિતી મળેલ ન હોય કોમ્પ્યુટરમાં દાખલ કરી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૭ વ્યવસાયવેરાના ચલણો સાચવવાની જવાબદારી ફકત જનતાની જ છે? છેલ્લા ૩ વર્ષના ચલણો જનતાએ કાશ્મીરા બિલ્ડીંગમાં રજૂ કરેલા ચલણો કોમ્પ્યુટરમાં દાખલ કરી કે સાચવવાની મનપાની કોઈ જવાબદારી હતી કે નહીં? કેમ સાચવીને કોમ્પ્યુટરમાં આજ દિન સુધી દાખલ કેમ ન કર્યા ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કરદાતા ધ્વારા ચલણ કચેરીએ રજૂ કરવામાં આવેલ હોય તો તેની તુર્તજ એન્ટ્રી કોમ્પ્યુટરમાં કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૮ મ્યુનીસીપાલીટીની નિષ્કાળજી,બેદરકારી કાર્યક્ષમતાનો અભાવ, ભુલ, આળસને કારણે છેલ્લા ભરેલા વ્યવસાયવેરાના ચલણો કોમ્પ્યુટરમાં માહિતી દાખલ કરી નહીં હોવાથી જનતાને તા.૩૦–૯–૦૯ પછી વ્યાજ ભરવા માટે મજબુર કરનારની જવાબદારી મહાનગરપાલિકાની ખરી કે નહી અને નહીં તો કેમ નહીં ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકા ધ્વારા વર્તમાન પત્રમાં આપવામાં આવેલ જાહેરાત, ઈન્ટીમેશન લેટર, ડીમાન્ડ નોટીસમાં કરદાતાને પાછલા વર્ષના વ્યવાયવેરાના ચલણ રજૂ કરવા જણાવવામાં આવેલ છે. જે કરદાતાએ તા.૩૦–૯–૦૯ સુધીમાં વ્યવસાયવેરો ભરપાઈ કરેલ નથી તેઓએ નિયમોનુસાર વ્યાજ ભરપાઈ કરવાનું રહે છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૯ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૦૯–૧૦ ના વ્યવસાયવેરાની રકમ રોકડેથી કે ચેકથી સ્વીકારી લઈને પછી જ જેના પાછલા વર્ષનો વેરો મહાનગરપાલિકાએ હિસાબે બાકી હોય તેના પર કાગળ કે નોટીસ કાઢી ને કે પછી ઈન્સ્પેકટરોને જનતાની દુકાને કે ઓફિસે કે ઘરે જઈને બાકી વેરાની માહિતી એકત્ર કરીને પછી અપડેટ ન થઈ શકે? નહીં થઈ શકે તો કેમ? તેનું કારણ જણાવવા અનુકૃપા કરશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ પ્રકારની કામગરીથી વધુ સમય વ્યતિત થાય તેમ છે જે મહાનગરપાલિકાના આર્થિક હિતમાં નથી તેવું જણાવેલ છે.જે બાબતે અરજદારે તા.૭–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરી ૧ થી ૧૧ આધાર જણાવેલ છે.

(1) The Learned Public Relation Officer is not justified in giving me unsatisfactory reply to my information sought by me,
(2) The PIO himself confeess in the reply that there is no rule if there is any municipal tax is due according to corporation as no data entry was made in the computor by the municipal corporation clerk,concern. but the true fact is that there is no municipal tax is due according to the professional tax payer. Then what was the reason/

resons when professional tax payer was egar to pay the professtional tex for the financial year 2009-10 why it was denied to accept the tex without previous three years chalans not brought by the tax payers. I had been deny to accept the professional tax of Rs.2009-10 of My nephew Dr.sharadbhai B. Modi on 29-9-09 & why I had been asked to produce the past years professional tax chalans for the F.Y. 2006-07,2007-08 & 2008-09. there is no reply to this.

(3) The P.I.O is not justified in given very vague & unsatisfactory reply to my query no. 3. I had submitted chalans for the financial years 2006-07,2008-09 & 2008-09 and the clerk concerned had also affixed a stamp of receipct of the said three chalans. then what is to verified. If at it is to be verified is to be verified from the bank and not from the professional tax payer. The clerk who had accepted the professional tax chalans for the financial years 2006-07, 2007-08 & 2008-09 to enter the date in the computor and it is not job of the professional tax payer.

(4) The Public Information Officer has erred in furnishing the vague and unsatisfactory reply to my query no 4 to the appellant . If the past years chalan whre handed over to the clerk concerned by the professional tax payer, it was said that. there no entry data in the computer and why it was denied to accept the professional tax for the financial year 2009-10, The professional tax payar had paid the late payment interest due lathargy and carelessnes, laziness of the data entry clark by not enter in the data in the compuer.

(5) The public Information Officer is not jiustified in furnishing the reply to the query no 5. The data must be with the municipal corporation itself. It has not to be collected from the outside.

(6) The public Inforation Officer is also not. justified in furnishig vague and unsatisfactory reply to query no 6. It has not been clerly stated who was the responcible for not collecting information from the bank and fron the tresury. Do your Honour will agree or not and In my humble opinion, the professional tax payers not responsible for it.

(7) The pulic Information Officer has erred in furnishig very irrespocible unsatidfactory reply to query no 7. If the chalans were preserved and entered data entry in computor then why there were no entry shon in the professional tax payer. Dr. sharad B.Modi at the time of payment of profsstional tax payment Rs. 2000/- on 29-09-2009 and why I had been denied to accept the professional tax and why i had beed asked to produced the chalans of past three years. There were no information furnished to me.

(8) The public information Officer is not justified in furnishing irresponsible reply to my query no 8. For this the government of India has promolgamated Consumer protection act and they will decide the responsibility of municipality.

(9) The public Information Officer being the one of the responsible Officer of the corporation has wrongly furnished the information that it was not in their to collect the data from the professional tax payer because there was financial burden laid on it. But not doing this by the corporation, the poor professional tax payer has to bear a burden of money, the and energy. The Officers who are sitting in the aircondition chambers has no idea about the difficulties experienced by the professional tax payears and giving curse words to the officers of the corporation. The Officers are not care for the economic loss of the professional tax payers.

(10) The public information Officer failed to take cognition of my letter enclosed with my public information applications dt. 13-11-2009 &29-9-09. He failed to furnished any reply to it.

(11) The appellant resrves its right to add, alter, and amend any grounds of appeals.

અરજદારે અપીલ અરજીમાં પોતાના ભત્રીજાના તા.૨૯–૯–૦૯ ના રોજ ૨૦૦૬–૦૭,૨૦૦૭–૦૮ અને ૨૦૦૮–૦૯ ના ભરેલા ચલણો વિના ટેક્ષ. ભરવાની રજૂઆત કરેલ છે. કવેરી નં.૩ ચલણોની ચકાસણી કરવાની રજૂઆત કરેલ છે કવેરી નં.૪ માં કોમ્પ્યુટર એન્ટ્રી નહીં કરવાની રજૂઆત કરેલ છે. કવેરી નં.૫ માં કોમ્પ્યુટર ઉપર ટેક્ષમાં ડેટા હોવો જોઈએ તેવી રજૂઆત કરેલ છે. કવેરી નં.૬ બેંક તથા ટ્રેઝરી પાસેથી માહિતી કલેકટ કરી માહિતી મેળવવાની રજૂઆત કરેલ છે. કવેરી નં.૭ માં તા.૨૯–૯–૦૯ ના રોજ ટેક્ષ ન સ્વીકારવા બાબતની રજૂઆત કરેલ છે. કવેરી નં.૮ માં કન્ઝ્યુમર પ્રોટેકશન એકટ હેઠળ મ્યુનીસીપાલીટી જવાબદાર હોય તેવું નિવેદન કરે છે. અને અન્ય મુદ્દાઓમાં ખોટી બિનજવાબદારી પૂર્ણ માહિતી પૂરી પાડેલ છે. અને વ્યાજનું આર્થિક નુકશાન લેવાની રજૂઆત કરેલ છે. તેમજ અગાઉના તા.૧૩–૧૧–૦૯ અને તા.૨૯–૯–૦૯ ના પત્રની રજૂઆત કરેલ છે. જે અરજદારે અપીલ તબકકે અલાયદી રજૂઆત કરેલ છે. આમ અરજદારે અપીલ અરજીમાં માહિતી બાબતની કે માહિતી નહીં મળ્યાની રજૂઆત નહીં પરંતુ ફરીયાદને લગતી અને કેટલાક સુચનો કરેલ છે. તેમજ અપીલમાં પબ્લીક રીલેશન ઓફિસરે અસંતોષકારક માહિતીની રજૂઆત મુળ અરજીથી અલાયદી છે તથા અરજદારે છેલ્લા ૩ વર્ષના ચલણો બાબતે કવેરી નં.૭ માં અમને જણાવવામાં આવેલ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી જાહેરાત ધ્વારા વિગતો તા.૫–૫–૦૮ તથા તા.૨૯–૮–૦૯ ના વર્તમાન પત્રોની જાહેર નોટીસ ધ્વારા કરદાતાઓને સૂચિત કર્યાની વિગતો રજૂ કરેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારની મુદ્દાવાર પૃચ્છાની માહિતી દફતરી વિગતો આપ્યાનું જણાય છે. જેમાં અરજદારના મુખ્ય મુદ્દો પાછલા વર્ષોના નાણા બાકી હોય તો ચાલુ નાણાકીય વર્ષના નાણા ન લેવાય તેવો નિયમ નહીં હોવાનું સ્પષ્ટ જણાવેલ છે. અત્રે એ પણ સૂચક છે કે જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ તા.૫–૮–૦૮ ની જાહેર વર્તમાનપત્રની નોટીસમાં રાજય સરકારના તા.૧–૪–૦૮ ના જાહેરનામાનો ઉલ્લેખ કરી સુમપાને બાબત હેઠળના વેરા માટે અધિકૃત કરતી નોટીસ આપેલ છે. જે સૂચવે છે કે તે પૂર્વેના રેકર્ડ અન્ય કચેરી/સત્તા કક્ષાએ હોય શકે.

જાહેર માહિતી અધિકારીએ આપેલ નોટીસ પણ આ રેકર્ડ અદ્યતન કરવાના હેતુથી જણાય છે. વ્યાપક સમુદાયની માહિતી કચેરીથી કચેરી મોકલાવાય અને દફતર અદ્યતન થાય તે સમય માંગી લે તેવી પ્રક્રિયાને અનુલક્ષી જાહેર માહિતી અધિકારી ધ્વારા ચલણનો આગ્રહ તુર્તજ રેકર્ડ અદ્યતન કરવાના હેતુથી રાખ્યાનું જણાવી મુદ્દા નં.૯ માં અરજદારને પણ માહિતી આપેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી અને હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કંઈ વિશેષ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો તેમની તકરાર નિવારણને લગતી બાબત તથા વહીવટ પ્રક્રિયા સુધારાલક્ષી સૂચનો અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૧૦

ઈ.ચા.ડે.કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (પ્રોફેશનલ ટેક્ષ વિભાગ) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ ગોવિંદભાઈ મોદી,